**CC.No.1912/2022**

**-: આંક – ૧ નીચે હુકમ :-**

૧. ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ઉપરોકત એમ.વી.એકટના ગુના અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૨. ત્યારબાદ આ કામના આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપી તેમણે ગુનો કબુલ કર્યાનું સ્વેચ્છાએ સ્વીકાર કરી ગુનાની કબૂલાત કરવામાં આવે છે તથા તેઓએ જણાવેલ છે કે તેઓને ઓછી સજા અને દંડ કરવા પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

૩. આરોપી સામે એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાતે પુરસીસ વંચાણે લેતા તેમાં જણાવેલ કારણો ઘ્યાને લેતાં આરોપી નાની ઉંમરનો ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબનો એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળબચ્ચાવાળો માણસ છે. ગરીબ પરિસ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુનો હોવાનું જણાય છે. તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભો ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

૪. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. અને સદરહુ ચુકાદાના પાના નંબર ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ઘ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: આખરી હુકમ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ અન્વયે એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા આરોપીને રૂ.૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં દિન–૫ (પાંચ) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ ની માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત કરવાનો અને જો મુદ્દામાલ મોટર સાઈકલ બાબતે વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ મારી સહીં કરી ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ઓખા,
તા.૧૨–૧૧–૨૦૨૨.

(કપિલ રાજમણી યાદવ)
જ્યુડી.મેજિ.ફ.ક.,ઓખામંડળ
**( કોડ નં.૦૧૪૨૧)**